# ગુજરાતમાં કોરોનાના નવા ૧૧૦૮૪ કેસ નોંધાયા

## અત્યાર સુધીમાં કુલ ૫૩૩૦૦૪ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા : ૨૪ કલાકમાં અમદાવાદમાં ૨૯૫૫ કેસ

ગાંધીનગર, તા.૯ રાજ્યમાં કોરોના મહામારીએ હાહાકાર મચાવ્યો છે. રાજ્યના લોકો માટે છેલ્લા કેટલાક દિવસોથી રાહતના સમાચાર સામે આવી રહ્યા છે. રાજ્યમાં કોરોના વાયરસના કેસમાં મોટો ઘટાડો થયો છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૧૦૮૪ કેસ નોંધાયા છે. તો બીજી તરફ મોતનો આંકડામાં પણ ઘટાડો જોવા મળી રહ્યો છે. ચાર મહાનગરોમાં પણ હવે કોરોનાના નવા કેસમાં સામાન્ય ઘટાડો જોવા મળી રહ્યો છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૧,૦૮૪ નવા કોરોના કેસ નોંધાયા છે. તો બીજી તરફ માત્ર ૧૪,૭૭૦ લોકો કોરોનાને મ્હાત આપીને સાજા પણ થયા છે. અત્યાર સુધીમાં કુલ ૫,૩૩,૦૦૪ દર્દીઓ કોરોનાને મ્હાત આપી ચુક્યા છે. જો કે, રાજ્યનો રિકવરી રેટ આજે ૭૮.૨૭ ટકાએ પહોંચ્યો છે. અત્યાર સુધીમાં ૧,૦૩,૨૭,૫૫૬ વ્યક્તિઓનું પ્રથમ ડોઝનું અને ૩૨,૧૪,૦૭૯ વ્યક્તિઓનું બીજા ડોઝની રસી અપાઈ ચુકી છે. આ પ્રકારે કુલ ૧,૩૫,૪૧,૬૩૫ રસીકરણના ડોઝ આપવામાં આવ્યા છે. આજે ૧૮ થી ૪૪ વર્ષ સુધીના ૧૩,૫૩૭ વ્યક્તિઓને પ્રથમ ડોઝનું રસીકરણ કરવામાં આવ્યું છે. તેમજ ૬૦ વર્ષથી વધુ વયના અને ૪૫-૬૦ વર્ષનાં કુલ ૨૪,૮૮૬ વ્યક્તિઓનું પ્રથમ ડોઝ અને ૯૧,૨૧૫ વ્યક્તિઓનું બીજા ડોઝનું રસીકરણ કરાયું છે. અત્યાર સુધીમાં રાજ્યમાં એક પણ વ્યક્તિને આ રસીની કોઈ ગંભીર આડઅસર જોવા મળી નથી. રાજ્યમાં એક્ટિવ કેસની વાત કરીએ તો કુલ ૧,૩૯,૬૧૪ એક્ટિવ દર્દી છે, જે પૈકી ૭૮૬ લોકો વેન્ટિલેટર પર છે અને ૧,૩૮,૮૨૮ લોકો સ્ટેબલ છે. ૫,૩૩,૦૦૪ લોકોને ડિસ્ચાર્જ અપાઈ ચુક્યું છે. ૮,૩૯૪ લોકોનાં મોત નિપજ્યાં છે. આજે રાજ્યમાં કોરોનાને કારણે અમદાવાદ કોર્પોરેશનમાં ૧૮, સુરત કોર્પોરેશનમાં ૭, રાજકોટ કોર્પોરેશનમાં ૬, વડોદરા કોર્પોરેશનમાં ૭, જામનગર કોર્પોરેશનમાં ૮, ભાવનગર કોર્પોરેશનમાં ૪, જૂનાગઢ કોર્પોરેશનમાં ૫ અને ગાંધીનગર કોર્પોરેશનમાં ૧ દર્દીનું મોત થયા છે. આ ઉપરાંત મહેસાણા ૪, રાજકોટ ૭, વડોદરા ૫, સુરત ૫, જુનાગઢ ૬, ભરૂચ ૨, પંચમહાલ ૨, જામનગર ૬, ગીર સોમનાથ ૩, આણંદ ૧, દાહોદ ૧, કચ્છ ૪, ખેડા ૧, બનાસકાંઠા ૨, પાટણ ૧, અમરેલી ૧, મહિસાગર ૨, સાબરકાંઠા ૩, અરવલ્લી ૨, દેવભૂમિ દ્વારકા ૨, છોટાઉદેપુર ૨, સુરેંદ્રનગર ૧, અમદાવાદ ૧, અને તાપી ૧ દર્દીનું મોત થયા છે. આ સાથે રાજ્યમાં કુલ ૧૨૧ દર્દીઓના મોત થયા છે.

## કોરોના કોર્નર

- જમ્મુ અને કાશ્મીરમાં ૧૭મી મે સુધી કોરોના કરફ્યુ લંબાવાયો.
- કોંગ્રેસના પ્રદેશ કાર્યકારી પ્રમુખ હાર્દિક પટેલના પિતાજી ભરત પટેલનું કોરોનાથી નિધન.
- એક જ દિવસમાં વીસ લાખથી વધુનું વેક્સિનેશન. દેશમાં કુલ સત્તર કરોડનું વેક્સિનેશન થયુ.
- દેશમાં રીકવરીનો રેટ ૮૧.૯૦ થી ૮૨.૧૫ પહોંચ્યો.
- નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલને હોસ્પિટલમાંથી રજા અપાઈ.
- ભાવનગરના ક્રિકેટર ચેતન સાકરિયાના પિતાનું કોરોનામાં નિધન.
- દિલ્હીમાં લોકડાઉન વધુ એક અઠવાડિયુ લંબાવાયુ.
- ઉત્તરપ્રદેશમાં કોરોના કરફ્યુ સાત દિવસ લંબાવાયુ.
- નવ ગુજરાત સમયના પૂર્વ એસોસીએટ એડિટર, અભિયાનના પૂર્વ તંત્રી અને વરિષ્ઠ પત્રકાર મનીષ મેકવાનનું કોરોનામાં નિધન.
- સુરત શહેરમાં ટોસીલીઝુમેબ ઈન્જેક્શન કાળાબજાર કરતા નર્સના પિતા સહિત બે શખ્સ પકડાયા.
- ઉત્તરપ્રદેશમાં પંદર દિવસમાં ભાજપના ચાર ધારાસભ્યો કોરોનાથી અવસાન પામ્યા.
- મહારાષ્ટ્ર, કર્ણાટક અને કેરળમાં કોરોનાનો હાહાકાર. ત્રણ રાજ્યોમાં થઈ દોઢ લાખ કેસ વધ્યા.
- ગુજરાતી સાહિત્યના જાણીતા સર્જક ધીરૂભાઈ પરીખનું કોરોનાથી અવસાન

## જન્મદિને વધામણી



ધ્વેન તાપશકુમાર શાહ
ડેમાઈ (વડોદરા)



પ્રકાશભાઈ દેસાઈ
(આચાર્ય : જે. એસ. મહેતા હાઈસ્કુલ, ધનસુરા (વસઈ))



આશિષ આર. પટેલ
ધનસુરા (મોડાસા)



પિનાકીન પટેલ
રમોસ, તા.ધનસુરા



મહેશભાઈ એન. પટેલ
(અંબિકા મંડપ ડેકોરેશન)
બાયડ, જિ.અરવલ્લી



ભાવિન ગીરીશભાઈ પટેલ
(રોયલ મંડપ ડેકોરેશન)
આકરૂન્દ, તા.ધનસુરા

**ઘરમા રહો, સુરક્ષિત રહો**

## વારેણાબોરટીંબાના સરપંચે જાતે ૩ ગામોમાં સેનેટાઈઝ કર્યું

### ગ્રામ પંચાયત વિસ્તારમાં કોરોનાના સંક્રમણને અટકાવવા અનેક પગલાં ભર્યાં

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૯ કોરોનાનો કહેર વધી રહ્યો છે ત્યારે અનેક પદાધિકારીઓ પ્રજાને ભગવાન ભરોસે રાખી પોતે ઘરમાં પુરાઈ ગયા છે ત્યારે બાયડ તાલુકાની વારેણાબોરટીંબા ગામના જાય તો..?? સરકારની અડધી કામગીરી ઓછી થઈ જાય. વારેણાબોરટીંબાના સરપંચ તેમજ ઉપસરપંચ વિપુલ દેસાઈ વગેરેએ ગ્રામ પંચાયત વિસ્તારમાં કોરોનાનો દર્દી ન નોંધાય તે માટે ચીવટ રાખી



સરપંચ અમૃતસિંહ પરમારે જાતે પોતાના ખભા પાછળ પંપ લગાવી પંચાયત વિસ્તારના ૩ ગામોમાં ધોમધખતા તાપમાં ઉપસરપંચને સાથે રાખી સેનેટાઈઝની કામગીરી શરૂ કરતાં તેની સમગ્ર જિલ્લામાં નોંધ લેવાઈ છે. ગ્રામ પંચાયત વિસ્તારમાં કોરોનાના સંક્રમણને અટકાવવા અનેક પગલાં ભર્યાં છે.


કોરોના માટે હવે સાવચેતી રાખવી જરૂરી છે. સરકાર, વહીવટી તંત્ર અને આરોગ્ય વિભાગ દરેક લોકોને શક્ય એટલી મદદ કરતું હોય છે પરંતુ ટાંચાં સાધનોના કારણે જનજન સુધી પહોંચવું અઘરૂ છે આવા સમયે જનપ્રતિનિધિઓ સરકારના પ્રતિનિધિ તરીકે કોરોનાના સંક્રમણને અટકાવવા કામે લાગી છતાં પણ કોઈ સંક્રમિત થઈ જાય તો સંક્રમણ વધુ ન પ્રસરે તે માટે ઉચિત પગલા ભર્યા છે. ગામમાં કોઈ બિમાર હોય તો પહોંચી જાય છે અને સૌ પ્રથમ કોરોનાના લક્ષણ જણાતા હોય તો એન્ટિજન ટેસ્ટ કરવાની સલાહ આપે છે જેના કારણે વારેણા, બોરટીંબા અને બોરમઠ સહિતના વિસ્તારોમાં કોરોનાનું સંક્રમણ વધુ પ્રસર્યું નથી. હવે સરપંચે પ્રજા મુશ્કેલીમાં છે ત્યારે હું તેમની વચ્ચે જઈને કામ કરીશ તેવા મક્કમ નિર્ધાર સાથે જાતે જ ઘેર..ઘેર સેનેટાઈઝની કામગીરી શરૂ કરી છે. સરપંચ અને ઉપસરપંચને એક સાથે સેનેટાઈઝની કામગીરી કરતા જોઈ અન્ય યુવાનો પણ કોરોનાને હરાવવા માટે સાથ આપી રહ્યા છે.

## સાબરકાંઠા, અરવલ્લીના બજારમાં કેસર કેરી ઠલવાઈ, વધુ ભાવથી કેરીનો રસ બેસ્વાદ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૯ કાળઝાળ ગરમીમાં કેસર કેરી સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના બજારોમાં ઠલવાઈ છે. કોરોનાની મહામારી છતાં કેરી ખરીદનારાઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો પરંતુ વધુ ભાવથી કેરીનો રસ બેસ્વાદ બનવાની દહેશત છે. ૯ કીલો કેસર કેરી બોક્સનો રૂા.૧૦૦૦ ભાવ બોલાઈ રહ્યો છે. ક્યાંક રકઝક પછી ૩૦ થી ૫૦ રૂા.નો ગ્રાહકોને ફાયદો થઈ રહ્યો છે. કેસર કેરીના દઝાડતા ભાવથી પ્રજા બદામ કેરી ખરીદીને રસનો સ્વાદ પૂરો કરી રહી છે.

ફળોના રાજા ગણાતા કેરીનું મે. ના બીજા સપ્તાહમાં આગમન થયું. સૌરાષ્ટ્રના યાર્ડમાં કેસર કેરીની હજારો બોક્સની આવક પછી હવે કેસર કેરી રાજ્યના ખૂણે ખૂણે રવાના થઈ રહી છે. કોરોના છતાં ફળ, શાકભાજીને આવશ્યક સેવાઓમાં સમાવેશ કર્યો હોવાથી પ્રજાને આસાનીથી કેસર કેરી મળવા લાગી છે. સાબરકાંઠા, અરવલ્લીમાં સૌરાષ્ટ્ર ઉપરાંત કચ્છ અને વલસાડની કેસર કેરીનું આગમન થતાં અનેક લોકો કઈ કેસર કેરી ખરીદવી તે મુદ્દે અવઢવમાં હોય છે તેમ છતાં સૌરાષ્ટ્રની કેસર કેરીની માંગમાં ઉછાળો જોવા મળ્યો પરંતુ તેના વધુ પડતા ભાવથી કેસર કેરીનો રસ સ્વાદ માણનારી પ્રજાએ કોરોનાના કપરા કાળમાં આટલા બધા રૂપિયા ખર્ચીને કેસર કેરી ન ખવાય તેવું મન બનાવી લીધું છે. હવે તો છૂટના વેપારીઓ ઉપરાંત અન્ય લોકોએ પણ કોરોનાના કપરા કાળમાં કમાઈ લેવા માટે બારોબાર ગીર, તાલાલા, સોમનાથ, કચ્છ અને વલસાડમાંથી ટેમ્પા અને ટ્રકો ભરી કેસર કેરી મંગાવી વેપાર શરૂ કર્યો છે. જો આવી જ સ્પર્ધા ચાલુ રહેશે તો આગામી સપ્તાહમાં પ્રજાને કેસર કેરીનું બોક્સ માત્ર રૂા.૬૦૦ થી ૭૦૦ ની આસપાસ મળવાની સંભાવના છે.

## દુ:ખદ અવસાન



બાયડ : બાયડના અશોકભાઈ પટેલ(નિવૃત્ત આચાર્ય : અણિયોર હાઈસ્કુલ), કિરીટભાઈ પટેલના પિતા બચુભાઈ (શાંતિલાલ)હરીભાઈ પટેલનું ૮૭ વર્ષની વયે નિધન થયેલ છે. કોરોનાની વર્તમાન સ્થિતિના કારણે બેસણું રાખેલ નથી. ટેલિફોનિક બેસણું તા.૧૧ મે., મંગળવારના રોજ સવારે ૯-૦૦ થી ૧-૦૦ રાખેલ છે.

• • •



બાયડ : માલપુર તાલુકાના ઉભરાણ ગામના મનિષભાઈ પટેલ, અજયભાઈ પટેલ(ધારા ઓફસેટ-બાયડ)ના પિતા કાળાભાઈ બેચરભાઈ પટેલનું નિધન થયેલ છે. કોરોનાની વર્તમાન સ્થિતિના કારણે બેસણું રાખેલ નથી. ટેલિફોનિક બેસણું તા.૧૨ મે., બુધવારના રોજ સવારે ૯-૦૦ થી ૧૨-૦૦ રાખેલ છે.

